શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613
# ગુજરાત રક્ષા
GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

દુકાન ભાડે આપવાની છે
અર્નવ પોઈન્ટ
૧૫X૩૦ગ્રાઉન્ડ + ફસ્ટ ફ્લોરની દુકાન ભાડે આપવાની છે.
સુરતીબજારમાં રોડ ટચ દુકાન ભાડે આપવાની છે.
સંપર્ક નંબર
૯૯૧૩૪૧૮૧૮૧,૯૬૩૮૭૨૮૧૮૧

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖ તા.૨૩-૦૯-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.
કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

## કોણ છે શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ દિસાનાયકે ?



### ચૂંટણીમાં અદાણીનો પ્રોજેક્ટ રદ કરવાનું આપ્યું હતું વચન

શ્રીલંકાના માર્ક્સવાદી નેતા અનુરા કુમારા દિસાનાયકે એ ચૂંટણી જીતીને ઈતિહાસ રચ્યો છે. તેમણે સૌથી વધુ મત મેળવીને રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી છે. અનુરા કુમારાની બમ્પર જીત ભારત માટે બિલકુલ હરખાવા જેવી નથી, કેમ કે તેમને ચીનના સમર્થક માનવામાં આવે છે અને ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે શ્રીલંકાના લોકોને ભારત-વિરોધી કહેવાય એવું એક વચન આપ્યું હતું.આવી રહી શ્રીલંકાની ચૂંટણી ૨૦૨૨ માં ગૃહયુદ્ધ અને ગંભીર આર્થિક કટોકટીનો સામનો કર્યા પછી શનિવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના દિવસે શ્રીલંકાના નાગરિકો એ પહેલીવાર નવા રાષ્ટ્રપતિ માટે મતદાન કર્યું હતું. લગભગ ૭૫ ટકા મતદાન થયું હતું. ચૂંટણી દરમિયાન દેશમાં કોઈપણ પ્રકારની હિંસક ઘટનાઓ બની નથી. ચૂંટણીમાં જોરદાર જીત મેળવનાર અનુરા કુમારા દિસાનાયકે હવે વર્તમાન પ્રમુખ રાનિલ વિક્રમસિંઘેનું સ્થાન લેશે. વિક્રમસિંઘે જુલાઈ ૨૦૨૨ માં શ્રીલંકાની ડામાડોળ આર્થિક નૌકાની બાગડોર સંભાળી હતી.અનુરા કુમારાને મળ્યા ૫૨ ટકા મત જાહેર થયેલા કુલ મતોમાંથી ૭,૨૭,૦૦૦ મત એટલે કે ૫૨ મત ૫૬ વર્ષીય અનુરા કુમારાને મળ્યા હતા. તેમના સૌથી નજીકના હરીફ અને મુખ્ય વિપક્ષી નેતા ૫૭ વર્ષીય સાજીથ પ્રેમદાસાને ૩૩૩, ૦૦૦ મત (૨૩ ટકા) મળ્યા હતા. જ્યારે કે ૭૫ વર્ષીય વિક્રમસિંઘેને ફક્ત ૨, ૩૫,૦૦૦ મત મળ્યા હતા. એટલે કે વર્તમાન શાસકને માત્ર ૧૬ ટકા જનસમર્થન જ સાંપડ્યું હતું. કોણ છે અનુરા કુમારા? AKD નામથી ઓળ ખાતા અનુરા કુમારા હાલમાં કોલંબોથી સાંસદ છે. તેઓ બે રાજકીય પક્ષ—પીપલ્સ લિબરેશન ફ્રન્ટ અને નેશનલ પીપલ્સ પાવર (NPP)—નું નેતૃત્વ કરી રહ્યા છે. તેમને શ્રીલંકામાં માર્ક્સવાદી વિચારધારા ધરાવતા નેતા માનવામાં આવે છે. ૨૪ નવેમ્બર, ૧૯૬૮ના રોજ જન્મેલા અનુરા કુમારાનું વલણ ચીન તરફી માનવામાં આવે છે. આવા વચન આપ્યા હતા દેશને નવી રાજકીય સંસ્કૃતિની જરૂર હોવાનું માનતા અનુરા કુમારાએ ચૂંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યું હતું કે સત્તામાં આવ્યા બાદ ૪૫ દિવસોમાં તેઓ સંસદ ભંગ કરી દેશે. તેમણે સમાજના નબળા વર્ગોને સશક્ત બનાવવા અને ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવાનું વચન આપ્યું હતું. ભારતને પ્રતિકૂળ અસર કરે એવું એક વચન પણ તેમણે ચૂંટણીપ્રચાર દરમિયાન આપ્યું હતું. અદાણીનો પ્રોજેક્ટ રદ કરવાનું વચન અનુરા કુમારાની પાર્ટી JVPનું વલણ ભારત વિરુદ્ધનું રહ્યું છે. ૧૯૮૦ના દાયકામાં ભારત દ્વારા મોકલવામાં આવેલ શાંતિ રક્ષા દળનો વિરોધ તફૅ એ કર્યો હતો. તે સમયે ભારતે એલટીટીઈને ખતમ કરવા માટે આ ફોર્સ શ્રીલંકામાં મોકલી હતી. ૨૦૨૪ના ચૂંટણી પ્રચાર દરમિયાન અનુરા કુમારાએ શ્રીલંકાના લોકોને વચન આપ્યું હતું કે જો તેઓ જીતશે તો તેઓ અદાણીના પવન ઉર્જા પ્રોજેક્ટને રદ કરાવશે. તેમનું કહેવું છે કે અદાણી પ્રોજેક્ટ શ્રીલંકાના ઉર્જા સાર્વભૌમત્વ માટે ખતરાની ઘંટડી છે.અનુરા કુમારા ખરેખર ભારત વિરોધી છે? રાજકીય નિષ્ણાંતો કહે છે કે સત્તા મળ્યા પછી જ અનુરા કુમારાનો સાચો રંગ સામે આવશે; તેઓ ભારતને બદલે ચીન તરફ ઢળે એવી સંભાવના વધારે છે. વર્ષ ૨૦૨૧ માં અનુરા કુમારાની પાર્ટીએ પોતાના પ્રચાર માટે બીજા કોઈ દેશની નહીં પણ ચીનની મદદ લીધી હોવાના આક્ષેપ લગાડવામાં આવ્યા હતા, જે તેમણે નકારી કાઢ્યા હતા. હવે સત્તાધીશ બન્યા પછી ચીનના નમકની વફાદારી નોંધાવવા માટે તેઓ ચીનની જીહજૂરી કરે અને ભારતને આંખ દેખાડે એવું બની શકે ખરું.

## સુરતમાં નકલી નોટોનું મિની કારખાનું પકડાયું, ૧ લાખની નોટો સાથે ૪ આરોપીઓની ધરપકડ



**સુરત,** સુરત એસ ઓ જી એ સરથાણા યોગીચોક સ્થિત એપલ સ્કવેરની ઓન લાઈન ગાર્મેન્ટની દુકાનમાં રેઈડ કરી ડુપ્લીકેટ નોટ છાપવાનું મીની કારખાનું ઝડપી લીધું હતું. એસઓજીએ ૧૦૦ રૂપિયાના દરની ૧ લાખ રૂપિયાની ડુપ્લીકેટ નોટો સાથે ચારને ઝડપી પાડ્યા હતા. આરોપી ઓની પુછપરછ કરતા જણાવ્યું હતું કે, એક અસલી નોટ સ્કેન કરી બાદમાં તેની કલર પ્રિન્ટ કાઢી ડુપ્લીકેટ નોટ બનાવતા હતા. ૧૦૦ રૂપિયાની ડુપ્લીકેટ નોટ માર્કેટમાં સરળતાથી વટાવી શકાતા હતા.અન્ય બે યુવાન ડુપ્લીકેટ નોટ લેવા ત્યાં આવ્યા હતા.બાતમીના આધારે એઓસજીની ટીમે શનિવારે (૨૧મી સપ્ટેમ્બર) સરથાણા યોગીચોક સ્થિત એપલ સ્કવેરના ચોથા માળે આવેલી ઓન લાઈન ગાર્મેન્ટ ની દુકાનમાં રેઈડ કરી હતી. એસઓજીને ત્યાં ડુપ્લીકેટ નોટ બનાવતા ભાવેશ અને ત્યાં ડુપ્લીકેટ નોટ લેવા આવેલા રાહુલ અને પવનને ઝડપી પાડી દુકાનમાં તપાસ કરી હતી. ત્યાંથી ૧૦૦ રૂપિયાના દરની ૧ લાખની ડુપ્લીકેટ નોટ મળી હતી. એસઓજીએ દુકાનમાંથી કોમ્પ્યુટર, સ્કેનર, કલર પ્રિન્ટર કબજે કર્યા છે.તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ભાવેશ અસલ નોટ સ્કેન કરી બાદમાં તેની કલર પ્રિન્ટ કાઢી ડુપ્લીકેટ નોટ બનાવતો હતો અને ૧૦૦ રૂપિયાની ડુપ્લીકેટ નોટ માર્કેટમાં સરળતાથી વટાવી શકતા હતા. ભાવેશે છેલ્લા એક મહિનાથી ડુપ્લીકેટ નોટ છાપવાનું શરૂ કર્યું હતું અને તે એક અસલી નોટની સામે ત્રણ ડુપ્લીકેટ નોટ આપતો હતો. માસ્ટર માઈન્ડ સાગરની સાથે રાહુલ, ભાવેશ અને પવનની ધરપકડ કરાઈ છે. ચાર આરોપીઓ માંથી એક મહારાષ્ટ્ર, એક એમપી અને અન્ય બે અમરેલી જિલ્લાના વતની છે

## કેન્દ્રીય ચૂંટણી પંચ ત્રણ દિવસની મહારાષ્ટ્રની મુલાકાતે, થઇ શકે છે મોટી જાહેરાત



**મહારાષ્ટ્ર,** મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે રાજકીય પક્ષોએ પ્રચાર શરુ કરી દીધો છે. કેન્દ્રીય ચૂંટણી પંચ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા માટે ત્રણ દિવસ મહારાષ્ટ્રનો પ્રવાસ કરશે. ચૂંટણી પંચના અધિકારીઓ ૨૬, ૨૭ અને ૨૮ સપ્ટેમ્બરે મુંબઈની મુલાકાતે આવશે. ચૂંટણી અધિકારીઓની આ મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.મળતી માહિતી મુજબ, કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ ૨૬ સપ્ટેમ્બરે દિલ્હીથી મુંબઈ માટે રવાના થશે. ૨૭ સપ્ટેમ્બરે સવારે ૧૦ વાગ્યે રાજયના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજાશે. બપોરે ૧ વાગ્યે સીઈઓ, નોડલ અધિકારીઓ સાથે પણ બેઠક થશે. આ સિવાય સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૩ વાગ્યે અર્ધલશ્કરી દળો, આવકવેરા વિભાગ, ગુપ્તચર એજન્સી, ઝ્ર્રૈં, ઈઢના અધિકારીઓ સાથે બેઠક યોજાશે. સાંજે ૫ વાગ્યે, મુખ્ય સચિવ અને ડાઈરેક્ટર જનરલ ઓફ પોલીસ સહિત વહીવટી અને પોલીસ અધિકારીઓ સાથે કેન્દ્રીય ચૂંટણી અધિકારી ઓની બેઠક થશે.૨૮ સપ્ટેમ્બરે સવારે ૯:૩૦ કલાકે કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ રાજયના તમામ કલેક્ટર અને પોલીસ અધિક્ષક સાથે બેઠક કરશે. સાંજે ૪ વાગ્યે અધિકારીઓ પ્રેસ કોન્ફરન્સ કરશે. આ પછી અધિકારીઓ દિલ્હી પરત ફરશે.ચૂંટણી તૈયારી ઓની સમીક્ષા કર્યા બાદ ગમે ત્યારે વિધાન સભાની ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. એક અહેવાલ મુજબ હરિયાણા અને જમ્મુ-કાશ્મીરના પરિણામો બાદ મહારાષ્ટ્રની ચૂંટણી જાહેર કરવામાં આવી શકે છે.રાજયમાં ઓક્ટોબર ના બીજા સપ્તાહમાં આચાર સંહિતા લાગુ થવાની શક્યતા છે.

## સેમિ કન્ડક્ટરથી માંડીને ડ્રોન સુધી... ભારત અને અમેરિકા વચ્ચે મહત્ત્વની અનેક ડીલ પર હસ્તાક્ષર



વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ત્રણ દિવસ માટે અમેરિકાના પ્રવાસે છે. અમેરિકામાં તેઓ રાષ્ટ્રપતિ જો બાઈડેનને ગ્રીનવિલે, ડેલવેર ખાતેના તેમના નિવાસસ્થાને મળ્યા હતા. આ ઉષ્માપૂર્ણ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ પરસ્પર હિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધારવા બાબતે ચર્ચા કરી હતી. ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર સહિત વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પણ ચર્ચાયા હતા. બંને દેશો વચ્ચે મહત્ત્વના કરાર પણ થયા હતા. ચાલો જાણીએ કે અમેરિકા અને ભારત વચ્ચે શું ડીલ થઈ.બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ અંગે ચર્ચા થઈ હતી, જેમાં ડ્રોનની ખરીદી મહત્ત્વપૂર્ણ છે. ભારત અમેરિકા પાસેથી ૩૧ નંગ 'જનરલ એટોમિક્સ MQ-9B' ડ્રોન ૩.૯૯ બિલિયન અમેરિકી ડોલરમાં ખરીદી રહ્યું છે. એ પૈકીના ૧૫ 'સી ગાર્ડિયન' ડ્રોન ભારતીય નૌકાદળને મળશે, બાકીના ૧૬ 'સ્કાય ગાર્ડિયન' માંથી આઠ ડ્રોન ભારતીય વાયુસેનાને અને આઠ ડ્રોન આર્મીને મળશે. ભારતીય સેનામાં આ અત્યાધુનિક ડ્રોનના સમાવેશ થી ભારતના સશસ્ત્ર દળોની ગુપ્તચર, દેખરેખ અને જાસૂસી ક્ષમતાઓને વેગ મળશે. શું છે આ ડ્રોનની ખાસિયત?- MQ-9B પ્રિડેટર ડ્રોન બિલકુલ અવાજ કર્યા વિના ઉડે છે, જેથી દુશ્મનો આસાનીથી એની હાજરી પારખી શકતા નથી. - આ ડ્રોન જમીનથી લગભગ ૫૦,૦૦૦ ફૂટ ઊંચે સુધી ઉડી શકે છે. આટલી ઊંચાઈ તો કોમર્શિયલ ફ્લાઈટ પણ નથી ઉડતી. ડ્રોનની ટોપ સ્પીડ ૪૪૨ કિમી પ્રતિ કલાક છે.- આ ડ્રોન ગમે એવા ખરાબ હવામાનમાં પણ લાંબા મિશન પર જવાની ક્ષમતા ધરાવે છે. - આ ડ્રોન લગભગ ૧,૭૦૦ કિલો પેલોડ લઈ જઈ શકે છે. તેમાં ચાર મિસાઈલ અને ૪૫૦ કિલો બોમ્બ સામેલ છે. એને હવાથી હવામાં પ્રહાર કરનારી મિસાઈલો ઉપરાંત હવાથી જમીન પર પ્રહાર કરતી મિસાઈલોથી પણ સજ્જ કરી શકાય છે.

## અમેરિકાના અલાબામામાં ગોળીબાર: ૪નાં મોત



એક તરફ જયારે PM નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસે છે, ત્યારે બીજી બાજુ અમેરિકાના અલાબામાના બર્મિંગહામમાં ગોળીબારની ઘટના સામે આવી છે. જેમાં ચાર લોકોનાં મોત થયાં હોવાના અહેવાલ છે. આ ઘટના શનિવારે મોડી રાત્રે બની હોવાનું કહેવાય છે. પોલીસે જણાવ્યું કે અધિકારીઓએ ગોળીબારનો અહેવાલ નોંધ્યો છે.બર્મિંગહામ પોલીસ વિભાગે ઠ પર એક પોસ્ટમાં લખ્યું છે કે, અધિકારીઓ એકથી વધુ ગોળીબારની ઘટના સ્થળ પર થઈ છે જેના પરિણામે ઘણી ઈજાઓ થઈ શકે છે. પોસ્ટમાં કહેવાયું છે કે શૂટિંગ શહેરના ફાઈવ પોઈન્ટ સાઉથ વિસ્તારમાં થયું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફાયરિંગમાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા છે અને ડઝનેક ઘાયલ થયા છે.ગોળીઓના અવાજથી એવું લાગી રહ્યું હતું કે જાણે તે ઓટોમેટિક ગન હોપ્રારંભિક અહેવાલો દર્શાવે છે કે જ્યારે ગોળી ચલાવવામાં આવી ત્યારે ક્લબના સમર્થકો મેગ્નોલિયા એવન્યુ પર હુક્કા અને સિગાર લાઉન્જની બહાર લાઇનમાં ઊભા હતા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે ગોળીઓના અવાજથી એવું લાગી રહ્યું હતું કે જાણે તે ઓટોમેટિક ગન હોય જે સતત ફાયરિંગ કરી રહી હતી. અમેરિકી અધિકારીઓ માને છે કે ત્યાં ઘણા શૂટર્સ હતા અને તેઓએ કોઈની ધરપકડ કરી નથી.૩ લોકોના ઘટનાસ્થળે જ મોત થયાબર્મિંગહામના ફાઈવ પોઈન્ટ્સ સાઉથ વિસ્તારમાં એક બારની બહાર કેટલાક હુમલાખોરોએ ગોળીબાર કરીને અરાજકતાનો માહોલ સર્જ્યો હતો.

# તાપી જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં બુહારી શાળાના વિદ્યાર્થીઓ ઝળકયા







**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** (SGFI ) તાપી જિલ્લા કક્ષાએ કબડ્ડી સ્પર્ધા U-૧૪, U -૧૭, U-૧૯ ભાઈઓ/બહેનો ની કબડ્ડી સ્પર્ધા સાર્વજનિક. હાઈસ્કૂલ સોનગઢ ખાતે યોજવામાં આવી હતી. જે સ્પર્ધામાં શ્રી બી. ટી. કે.એલ. ઝવેરી સાર્વ. હાઈ. બુહારી શાળાના વિદ્યાર્થીઓએ U - ૧૭ અને U-૧૯ એજ ગૃપમાં જિલ્લા કક્ષાએ કુલ ૨૨ ખેલાડીઓએ ભાગ લીધો. જેમાં **U – ૧૭ એજ ગ્રુપ ચેમ્પિયન ટીમ** ૧. ચૌધરી આર્યન સુનિલભાઈ ૧૧B ૨. હળપતિ પિયુષ સુરેશભાઈ ૧૧B ૩. હળપતિ દિપક મહેશભાઈ ૧૧B ૪. ચૌધરી જસ બાબુસિંગભાઈ ૧૨A ૫. ગામીત પાર્થ યાકુભાઈ. ૧૧B ૬. પટેલ પ્રણય રાજુભાઈ ૧૧B ૭. અન્સારી મોબિન વાલોડ ૮. રાઠોડ આર્યન રાકેશભાઈ વાલોડ ૯. નિષાદ આદિત્ય વાલોડ ૧૦. રાઈન અફતાબ ૯ **U-૧૯ એજ ગ્રુપ બીજો નંબર** ૧. પટેલ સૂચિ રાકેશભાઈ ૧૨A ૨. ચૌધરી નિરાલી ધર્મેશભાઈ ૧૨A ૩. હળપતિ બિંદીયા વિજયભાઈ ૧૦ C ૪. હળપતિ ધ્રુવી અજયભાઈ ૧૦ C ૫. ચૌધરી દિયા સંજયભાઈ ૯ A ૬. હળપતિ પૂજા લાલજીભાઈ ૧૦ A ૭. ચૌધરી ખુશી રાજુભાઈ ૧૦ A ૮. ચૌધરી યશ્વી વિપુલભાઈ ૯ A ૯. ચૌધરી વિધિ વિનોદભાઈ ૧૨ A ૧૦. ગામીત શ્રેયા જીતુભાઈ ૯ B ૧૧. હળપતિ કિંજલ જીતુભાઈ ૯ D ૧૨. ગામીત ભાવિકા કિશોરભાઈ ૯ D કુલ ૨૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં U - ૧૭ છોકરાઓ ની પ્રથમ નંબર અન U -૧૯ બહેનો નો બીજો નંબર, મેળવીતાપી જિલ્લા કક્ષાએ વાલોડ તાલુકાનું અને શ્રી બી.ટી એન્ડ કે. એલ. ઝવેરી સાર્વજનિક હાઈસ્કૂલ બુહારી નું નામ રોશન કરી શાળાનું ગૌરવ વધાર્યું .તે બદલ આ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શાળાના વ્યાયામ શિક્ષકશ્રી રતિલાલ એસ ગામીત તથા દર્શનાબેન બી.પટેલ ને બુહારી વિભાગ કેળવણી મંડળ તથા , શાળાના આચાર્યશ્રી વિજય ભાઈ ડી. પટેલ તથા શાળા પરિવાર દ્વારા અભિ નંદન આપી સન્માનિત કરવામાં આવ્યા. તેમજ હવે પછી ગુજરાત રાજ્યકક્ષા ની સ્પર્ધામાં પણ બુહારી શાળા નુ તથાતાપી જિલ્લા નું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવવામા આવી.

# તાપી જિલ્લા કક્ષની કુસ્તી સ્પર્ધામાં બુહારી શાળાના વિદ્યાર્થીઓ ઝળક્યા



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** (SGFI) તાપી જિલ્લા કક્ષાએ કુસ્તી સ્પર્ધા U -૧૪, U -૧૭ U-૧૯ ભાઈઓ/બહેનોની કુસ્તી સ્પર્ધા શ્રી સ. ગો. .હાઈસ્કૂલ વાલોડ ખાતે યોજવામાં આવી હતી. જે સ્પર્ધામાં શ્રી બી. ટી. કે.એલ. ઝવેરી સાર્વ. હાઈ. બુહારી શાળાના વિદ્યાર્થીઓએ U -૧૪ U-૧૭ અ U-૧૯ એજ ગૃપમાં જિલ્લા કક્ષાએ કુલ ૧૨ ખેલાડીઓએ ભાગ લીધો. જેમાં U -૧૪ ૧. ચૌહાણ ધ્રુવ પ્રકાશભાઈ ૯છ વજન ગ્રુપ ૩૮થી ૪૧ પ્રથમ નંબર ૨. ગામીત જહાનવી રતિલાલ ૮છ ૪૬થી ૫૦ માં પ્રથમ નંબરU-૧૭ ૧. ચૌધરી દિયા સંજયભાઈ ૯છ ૪૩થી૪૬ પ્રથમ નંબર ૨. હળપતિ બિંદિયા વિજયભાઈ ૧૦ C ૬૧થી ૬૫ પ્રથમ નંબર ૩. ઢોડિયા વિનિત કપિલભાઈ ૧૦ B ૪૧થી ૪૫ બીજો નંબરU-૧૯ ૧.ઢોડીયા જય કપિલભાઈ ૧૨છ ૬૫ થી ૭૦ પ્રથમ નંબર ૨. રાઠોડ અંશિકા અશ્વિનભાઈ ૧૨ B ૫૩ થી ૫૫ પ્રથમ નંબર .કુલ ૧૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. અને ૭ ખેલાડીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી તાપી જિલ્લા કક્ષાએ શ્રી બી.ટી એન્ડ કે. એલ. ઝવેરી સાર્વજનિક હાઈસ્કૂલ બુહારીનું નામ રોશન કરી શાળાનું ગૌરવ વધાર્યું તે બદલ આ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શાળાના વ્યાયામ શિક્ષકશ્રી રતિલાલ એસ ગામીત તથા દર્શનાબેન બી.પટેલને બુહારી વિભાગ કેળવણી મંડળ તથા શાળાના આચાર્યશ્રી વિજયભાઈ ડી. પટેલ તથા શાળા પરિવાર દ્વારા અભિનંદન આપી સન્માનિત કરવામાં આવ્યા. તથા ભવિષ્યમાં ખૂબ ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવવામા આવી.

# વિનય મંદિર ગ્રામભારતી કહેર-કલમકુઈ ખો-ખોની ટીમમાં રાજયકક્ષાએ પસંદગી



(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : તાપી જિલ્લા કક્ષાએ ખો-ખો સ્પર્ધા Under – 17 ભાઈ-બહેનોની સ્પર્ધા તારીખ ૨૦/૦૯/૨૦૨૪નાં રોજ જે.બી. એન્ડ એસ.એ. સાર્વજનિક હાઈસ્કુલ, વ્યારા ખાતે યોજવામાં આવી હતી, જેમાં વેડછી પ્રદેશ સેવા સમિતિ વાલોડ સંચાલિત વિનય મંદિર ગ્રામભારતી કહેર-કલમકુઈ શાળાનાં ૭ કન્યા તથા ૫ કુમારની પસંદગી જિલ્લાકક્ષામાં થઈ હતી, જેમાંથી બહેનોમાં (૧)ચૌધરી શ્રધ્ધા સંદિપભાઈ-ધોરણ-૯, (૨)ચૌધરી જિયા જીતુભાઈ-ધોરણ-૯, (૩)ચૌધરી નિધિ મહેશભાઈ-ધોરણ-૯ તેમજ ભાઈઓમાં (૧)ચૌધરી દિપ રોહિતભાઈ-ધોરણ-૯, (૨)ચૌધરી શિવમ સત્યનારાયણ, (૩) વસાવા કાર્તિક અરવિંદભાઈ-ધોરણ-૧૦ આમ ત્રણ બહેનો અને ત્રણ ભાઈઓ રાજયકક્ષાની ટીમમાં પસંદગી પામી હવે રાજયકક્ષાએ તાપી જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાનું નામ રોશન કરી શાળાનું ગૌરવ વધાર્યું જે બદલ વેડછી પ્રદેશ સેવા સમિતિ વાલોડનાં પ્રમુખશ્રી, મંત્રીશ્રી, શાળામાં આચાર્યશ્રી, માર્ગદર્શક શિક્ષકશ્રી ચૌધરી પ્રવિણભાઈ અને ગામીત હરિશભાઈને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# જિલ્લા કક્ષાનાં યુવા ઉત્સવમાં માઁ શિવદૂતી સ્કૂલનાં વિદ્યાર્થીઓ ઝળકયાં



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, તાપી દ્વારા માઁ શિવદૂતી સાયન્સ સ્કૂલનાં સહયોગથી જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ, બાળ પ્રતિભા શોધ તેમજ નવરાત્રી રાસ ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહુવા વાલોડનાં ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા પ્રમુખસ્થાને હાજર રહયા હતા. તાપી જિલ્લાનાં વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ, નિઝર, કૂકરમુંડા એવા તમામ તાલુકાઓમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાની મોટે ભાગની કૃતિમાં માઁ શિવદૂતી સાયન્સ સ્કૂલના વિદ્યાર્થીઓ વિજેતા બની જિલ્લામાં શાળાનું નામ રોશન કર્યું હતું. યુવા ઉત્સવની કૃતિઓ જેવી કે, લોકનૃત્યમાં ઘેરીયા બની આ વિસ્તારની વિસરતી જતી સંસ્કૃતિની યાદ તાજી કરી પ્રથમ નંબર મેળવ્યો હતો. શીઘ્ર વકતૃત્વમાં ખુશી છોટુભાઈ ચૌધરી પ્રથમ, ત્વિષા જયેશભાઈ ચૌધરી દ્વિતિય અને પ્રીતી અમેદભાઈએ તૃતિય નંબર મેળવ્યો હતો. ડીકલેમેશનમાં ત્વિષા જયેશભાઈ ચૌધરીએ દ્વિતિય નંબર મેળવી વિજેતા બન્યા હતા. નિબંધ સ્પર્ધા અને સ્ટોરી રાઈટીંગમાં વરૂણ રાજપૂત પ્રથમ, ચૌધરી નીરવભાઈ આર પોસ્ટર મેકિંગમાં પ્રથમ, ફોટોગ્રાફીમાં રોશની યોગેશભાઈ ચૌધરીએ દ્વિતિય, શાસ્ત્રીય નૃત્ય કથ્થકમાં વસાવા મહેશ્વરી ભાંગાભાઈ પ્રથમ, શાસ્ત્રીય નૃત્ય મણીપુરીમાં માવચી હિરલ ધર્મેશભાઈ પ્રથમ, શાસ્ત્રીય નૃત્ય ઓડિસીમાં ગામીત પ્રેસિયસ આશિષભાઈ પ્રથમ, શાસ્ત્રીય નૃત્ય કુચીપુડીમાં પટેલ જૈનિકા તરલભાઈ પ્રથમ નંબર મેળવ્યો હતો. બાળ પ્રતિભા શોધમાં લોકવાદ્ય સંગીતમાં શાહ સિદ્ધાર્થ સુનિલભાઈએ પ્રથમ નંબર મેળવ્યો હતો. બાળ નાટય સ્પર્ધામાં ૭ થી ૧૩ વર્ષની બાળાઓએ બેટી બચાવો પર સરસ નાટક રજૂ કરી દ્વિતિય નંબર મેળવ્યો હતો. નવરાત્રી રાસ ગરબા સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની બહેનોએ તૃતિય નંબર મેળવ્યો હતો. પ્રથમ નંબર મેળવનાર તમામ કૃતિઓ પ્રદેશ કક્ષાએ ભાગ લેશે. માઁ શિવદૂતી સાયન્સ સ્કૂલનાં ચેરમેનશ્રી અજયસિંહ રાજપૂત અને આચાર્યશ્રી પિયુષભાઈ ભારતીએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. શાળાનાં કો-ઓર્ડિનેટરશ્રી જયેશભાઈ પારેખે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ફરિયાદોને લઇને મંત્રી મુકેશ પટેલએ ઓલપાડ આરોગ્ય કેન્દ્રની સરપ્રાઇઝ વિઝીટ કરી હતી





**બારડોલી,** સ્થાનિકોની મળી રહેલી ફરિયાદોને લઇને મંત્રી મુકેશ પટેલએ ઓલપાડ આરોગ્ય કેન્દ્રની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. જયાં આરોગ્ય વિભાગનો સ્ટાફ ગેરહાજર જણાતા મંત્રી મુકેશ પટેલ અકળાઈ ગયા હતા. તેઓએ ગાંધીનગર આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારી ઓને જાણ કરી હતી.ઓલપાડ વિધાન સભાના ધારાસભ્ય અને સરકારના રાજયકક્ષાના મંત્રી મુકેશ પટેલએ ઓલપાડ આરોગ્ય કેન્દ્રની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. જેમાં આરોગ્ય વિભાગના ડોકટર ગેરહાજર હતા તેમજ ૨૨ આરોગ્ય કર્મચારીઓમાંથી ફક્ત ૫ જ કર્મચારીઓ હાજર હતા. જયારે ગેર હાજર સ્ટાફ વિશે હાજર કર્મચારીઓને પૂછતા ગેંગેફેંફે થઈ ગયા હતા. મંત્રી મુકેશ પટેલ આરોગ્ય કેન્દ્રમાં ખુરશી પર પોતાના પીએને બાજુમાં રાખી બેસી ગયા હતા અને રીતસર ઉપરી અધિકારીઓના કલાસ લેવાનું શરૂ કર્યું હતું અને હાજરી પત્રક ચેક કરાયું હતું.તેમજ હાજર કર્મચારીઓ સાથે આરોગ્ય કેન્દ્રમાં અપાતી સારવારને લઈને વિસ્તૃત ચર્ચાઓ કરી માહિતી એકઠી કરી હતી. સાથે જ આરોગ્ય કેન્દ્રમાં સારવાર લઈ રહેલા દર્દીઓના ખબર અંતર પૂછી તેઓની પણ રજૂઆતો સાંભળી હતી. તેમજ આરોગ્ય કેન્દ્રમાં રહેલી મશીનરી ઓ ચેક કરતા ૨૦૧૮માં સરકાર દ્વારા આપવામાં આવેલ સોનોગ્રાફી મશીન પણ બોક્ષમાં પેક હતું. નિરીક્ષણ કર્યા બાદ મંત્રી મુકેશ પટેલએ ગાંધીનગર આરોગ્ય વિભાગ ના અધિકારીને કોલ કરી સમગ્ર બાબતની વાકેફ કરી પગલાં ભરવા જણાવ્યું હતું.

# વ્યારામાં રાહુલ ગાંધી વિશે નિવેદન કરનારા ભાજપ નેતાઓ સામે ફરિયાદ નોંધવા રજૂઆત

**વ્યારા,** લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીને ખતમ કરી નાખવા માટે તેમજ તેમની ગરિમા ના ગરિમા ખતમ કરી નાખવા ભાજપ તેમજ સહયોગી પાર્ટીના નેતાઓ સામે ફરિયાદ દાખલ કરવા માંગણી સાથે વ્યારા માં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડબ્રહ્માના ધારાસભ્ય ડો. તુષાર ચૌધરી સહિત કોંગ્રેસ પ્રમુખ ભિલાભાઈ ગામીતની આગેવાની માં વ્યારા પોલીસ માં પીઆઇ એન.એસ. ચૌહાણને લેખિતમાં ફરિયાદ અપાઈ હતી વ્યારા પોલીસ



મથકમાં લેખિતમાં કરેલી ફરિયાદમાં તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડબ્રહ્માના ધારાસભ્ય ડો.તુષાર ચૌધરીએ જણાવ્યા મુજબ બીજેપી નેતા તરવિન્દરસિંહ મારવાહએ રાહુલ ગાંધીને જાનથી મારી નાખવાની ધમકી આપી છે.સંજય ગાયકવાડ ધારાસભ્ય શિંદે સૈના એ જાહેરમાં ૧૧ લાખ રૂપિયા ઈનામની જાહેરાત કરી વિપક્ષના નેતા રાહુલ ગાંધીની જીભ કાપશે એને ૧૧ લાખ ઈનામ આપીશ. રેલવે રાજય મંત્રી રવનીત બિંદુએ મીડિયા સાથે જાહેરમાં વાત કરતી વખતે વિપક્ષના નેતા રાહુલ ગાંધીને આતંકવાદી કહ્યા છે.બિંદુ એ હિંસા ભડકાવવા અને શાંતિ ભંગ કરવાના ઉદ્દેશ્ય સાથે જાહેરમાં નફરત અને ભડકાવવા જાણી જોઈને નિવેદન આપ્યુ હતુ. ભાજપના નેતા અને યુપીના મંત્રી રઘુરાજસિંહને પણ જાહેરમાં આતંકવાદી ગણાવ્યા છે. ભાજપના નેતાઓએ અને તેના સાથી પક્ષો દ્વારા જારી કરેલા નિવેદનો અને ધમકી આપી છે. જેમાં તેઓ રાહુલ ગાંધીની હત્યા અથવા ઈજા અને દેશના વિપક્ષના નેતાને આતંકવાદી ગણાવ્યા હતા. સાથે જ ભાજપ એનડીએ ગઠબંધન ભાગીદારો દ્વારા દ્વેષ દર્શાવ્યો છે. આથી તેમની સામે ફરિયાદ દાખલ કરવા તાપી કોંગ્રેસ આગેવાનો દ્વારા વ્યારા પોલીસમાં ફરિયાદ આપી હતી.




# એલ સી બી એ ઓવિયાણથી ૫ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

**આંબોલી,** જિલ્લા એલસીબી પોલીસના પી એસ આઈ એલ.જી રાઠોડ સહિતની ટીમે બાતમીના આધારે ઓવિયાણ ગામની સીમમાંથી ?૫ લાખની કિંમતના વિદેશી દારૂ તેમજ સ્વીફ્ટ ગાડી સહિત ?૧૦ લાખની કિંમતના મુદામાલ ઝડપી પાડયો હતો. બાતમી વાળા સ્થળે પોલીસે કરેલી રેઈડ દરમ્યાન પલસાણા ના બુટલેગર ઈશ્વર વાંસ ફોડીયા દ્વારા મંગાવેલો વિદેશી દારૂનો જથ્થો ઓવિયાણથી લાડવી તરફ જતા ખેતરાડી વાળા કાચા રસ્તા પરથી સગેવગે કરવાની ફિરાક વાળા ઈસમો અંધારાનો લાભ લઈ ભાગી છૂટયા હતા.પોલીસે સ્થળ પરથી ૪૩૬૮ નંગ વિદેશી દારૂની અલગ અલગ બોટલ કિંમત ?૫ લાખ અને ?.૫ લાખની કિંમતની સ્વીફ્ટ ગાડી મળી ?.૧૦ લાખનો મુદામાલ કબ્જે કરી અંત્રોલી ભૂરી ફળિયા ખાતેના ઈશ્વર રમેશભાઈ વાંસફોડીયા, સ્વીફ્ટ ગાડીના ચાલક તેમજ અજાણ્યો મળી ત્રણને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ગુજરાત રક્ષા

**તંત્રી સ્થાનેથી**

## રાહુલને મોતની ધમકીનો બચાવ, નડ્ડા બીજું કરી પણ શું શકે ?


ભારતમાં રાજકારણ બદલાઈ ગયું છે અને હવે રાજકીય હરીફાઈને રાજકારણીઓ દુશ્મનાવટ સમજે છે. લોકશાહીમાં તમારા વિરોધીને, તમારા હરીફને પણ માન આપવું જોઈએ એવું કહેવાતું પણ ભારતના રાજકારણીઓને આ સિદ્ધાંતમાં બહુ વિશ્વાસ રહ્યો નથી ને તેનું તાજું ઉદાહરણ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે થઈ રહેલાં નિવેદનો છે. અમેરિકામાં રાહુલ ગાંધીએ શીખો અંગે અને અનામત મુદ્દે એમ બે નિવેદનો આપ્યાં તેના કારણે ભારતમાં બબાલ થઈ ગઈ.રાહુલે કહેલું કે, ભારતમાં અત્યારે એવો માહોલ છે કે, શીખો કિરપાણ કે કડાં ના પહેરી શકે એ માટે લડાઈ થઈ રહી છે. ભારતમાં શીખ સમુદાયમાં ચિંતા છે કે આ દેશમાં તેમને પાઘડી અને કડાં પહેરવાનો અધિકાર પણ છિનવી નહીં લેવાય ને ? રાહુલે અનામત મામલે એવું કહેલું કે, ભારતમાં જ્યારે આર્થિક રીતે સમાનતા આવી જશે ત્યારે અનામતને નાબૂદ કરી દેવાશે. રાહુલના એક નિવેદનને શીખ વિરોધી ગણાવી દેવાયું અને બીજા નિવેદનને અનામત વિરોધી ગણાવીને ભાજપના નેતા તૂટી પડ્યા.રાહુલ ગાંધી તેમના અમેરિકા પ્રવાસના છેલ્લા દિવસે રેબર્ન હાઉસ ખાતે યુએસ કૉંગ્રેસના પ્રતિનિધિમંડળને મળ્યા હતા. આ પ્રતિનિધિમંડળમાં ભારતે જમ્મુ અને કાશ્મીર પાકિસ્તાનને આપી દેવું જોઈએ એવો લવારો કરનારી ઈલ્હાન ઓમર પણ હાજર હતી. રાહુલ ઈલ્હાન ઓમરને મળ્યા તેની સામે પણ દેશમાં વિરોધ શરૂ થઈ ગયો. ભાજપના ઘણા નેતાઓએ ઈલ્હાનને મળવા બદલ રાહુલની ટીકા કરી અને રાહુલ ભારતવિરોધી પરિબળો સાથે સાંઠગાંઠ ધરાવે છે એવી ટીકા પણ કરી.ભાજપના નેતા રાહુલના નિવેદનની ટીકા કરે તેમાં કશું ખોટું નથી, બલ્કે એ તેમનો અધિકાર છે. લોકશાહીમાં કોઈ નેતા પોતાના વિચારો કે અભિપ્રાય રજૂ કરે ને તેની સામે કોઈ બોલે કે ટીકા કરે એ સ્વાભાવિક છે. તંદુરસ્ત લોકશાહીની એ નિશાની છે ને તેને માટે દરેકે તૈયાર રહેવું જોઈએ. રાહુલના નિવેદન પછી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વળતો પ્રહાર કરીને કહેલું કે, રાહુલના નિવેદનના કારણે ફરી એકવાર કૉંગ્રેસનો અનામત વિરોધી ચહેરો લોકો સામે આવી ગયો છે.શાહની જેમ બીજા નેતાઓએ પણ રાહુલની ટીકા કરી ને તેમાં પણ કશું ખોટું નહોતું પણ એ પછી જે કેટલાંક નિવેદનો આવ્યાં એ આઘાતજનક અને શરમજનક પણ છે. રાહુલનં નિવેદનોને શીખ વિરોધી ગણાવીને ભાજપે સોનિયા ગાંધીના ઘર સામે દેખાવો કરેલા. ૧૧ સપ્ટેમ્બરે ભાજપે દિલ્હીમાં રાહુલ ગાંધીના ઘરની બહાર પણ દેખાવો કર્યા અને એ વખતે ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય તરવિંદર સિંહ મારવાહે સીધી રાહુલને જાનથી મારી નાખવાની ધમકી આપી.મારવાહે કહેલું કે, રાહુલ ગાંધી, વાજ આવી જજો નહીં ભવિષ્યમાં તમારા હાલ પણ તમારી દાદી જેવા થશે. રાહુલ ગાંધીનાં દાદી ઈન્દિરા ગાંધીના શું હાલ થયેલા એ કોઈને કહેવાની જરૂર નથી. સતવંતસિંહ અને બિયંતસિંહ નામના તેમના બે અંગરક્ષકોએ જ તેમને ગોળી મારીને મારી નાંખેલાં એ જોતાં મારવાહે રાહુલને મારવાની ધમકી જ આપી દીધી એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. કૉંગ્રેસે તરવિંદર સિંહ મારવાહનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ક પર પોસ્ટ કર્યો છે. તેમાં મારવાહને ધમકી આપતા સાંભળી શકાય છે.મારવાહની જેમ જ મહારાષ્ટ્રના બુલઢાણાના ધારા સભ્ય સંજય ગાયકવાડે ૧૬ સપ્ટેમ્બરે કહ્યું હતું કે, રાહુલ ગાંધી પછાત વર્ગો અને આદિવાસીઓ માટેની અનામત ખતમ કરવા માગે છે એ જોતાં તેમને સજા મળવી જોઈએ. જે કોઈ રાહુલની જીભ કાપી નાખશે તેને ૧૧ લાખ રૂપિયા ઈનામ આપવામાં આવશે. ભાજપના રાજ્યસભાના સભ્ય અનિલ બોન્ડેએ તો રાહુલ ગાંધીની જીભ પર ડામ દેવાની વાત કરી નાખી. બોન્ડેના કહેવા પ્રમાણે તો જે કોઈ અનામત વિરોધી વાત કરે તેની આવી જ હાલત કરવી જોઈએ. બોન્ડેએ મુંબઈના એક મરાઠી સાપ્તાહિકના તંત્રી સહિત બીજાં કેટલાંક નામ પણ આપ્યાં કે જેમની જીભ પર ડામ દેવાની તેમની તમન્ના છે.આ ત્રણેય નિવેદનો અત્યંત આઘાતજનક છે. પોતાને ના ગમે એવી વાત કરનારને મારી નાખવાની કે જીભ કાપી લેવાની વાત કરનારને સભ્ય માણસ કહેવાય જ નહીં. ખરેખર તો આવી વાતો કરનારને કોઈ સભ્ય સમાજમાં રહેવાનો અધિકાર જ નથી પણ કમનસીબે રાહુલ સામે આવો લવારો કરનારા આ ત્રણેય નેતાને કશું થયું નથી. આ ત્રણેય ખુલ્લેઆમ રાહુલની હત્યા માટે કે તેમને નુકસાન કરવા માટે ઉશ્કેરણી કરી રહ્યા છે ને ભાજપ પણ ચૂપ છે ને મંત્રીઓ પણ ચૂપ છે.વધારે આઘાતની વાત એ છે કે, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ આ બધાંનો બચાવ કર્યો છે. નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસ પર કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મોદીને અભિનંદન આપ્યા તેની સાથે એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં રાહુલ ગાંધી વિરુદ્ધ થઈ રહેલાં નફરતભર્યા ભાષણ પર ચિંતા વ્યક્ત કરીને ખડગેએ લખ્યું હતું કે, ભાજપ અને સહયોગી પક્ષોના નેતાઓ રાહુલ ગાંધી માટે સતત વાંધાજનક અને હિંસક ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે આપને વિનંતી છે કે આવા નેતાઓ પર લગામ લગાવો.મોદી સાહેબ તો આવી નાની નાની વાતોના જવાબ આપે નહીં પણ નડ્ડાએ જવાબ આપ્યો છે. નડ્ડાએ ૧૮ સપ્ટેમ્બરે મલ્લિકાર્જુન ખડગેને ખુલ્લો પત્ર લખ્યો તેમાં લખ્યું છે કે, તમે રાહુલ ગાંધી સહિતના તમારા નેતાઓનાં કરતૂતોને ભૂલી ગયા છો અથવા જાણીજોઈને તેમની અવગણના કરી છે. જે વ્યક્તિનો ઈતિહાસ દેશના વડા પ્રધાન સહિત સમગ્ર ઓબીસી સમુદાયને ચોર કહીને દુર્વ્યવહાર કરવાનો છે તેની માનસિકતા આખો દેશ જાણે છે. આ રાહુલ ગાંધીને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ તમે કઈ મજબૂરીમાં કરી રહ્યા છો? કૉંગ્રેસના નેતાઓએ છેલ્લાં ૧૦ વર્ષમાં ૧૧૦થી વધુ વખત વડા પ્રધાન મોદી સાથે દુર્વ્યવહાર કર્યો ને ત્યારે તમારા શબ્દકોશમાંથી રાજકીય શુદ્ધતા, સજાવટ, શિસ્ત, શિષ્ટાચાર જેવા શબ્દો કેમ ગાયબ થઈ જાય છે?નડ્ડાએ કૉંગ્રેસે મોદી માટે ક્યા ક્યા શબ્દોનો પ્રયોગ કર્યો તેની લાંબી યાદી પણ આપી છે. કૉંગ્રેસ પણ સામે એવી યાદી આપી જ શકે કેમ કે એ પ્રકારની પ્રવૃત્તિના પ્રણેતા કોણ છે એ બધાંને ખબર છે પણ ભાજપ એ વાત સ્વીકારવાનો નથી. બીજું એ કે, કોઈને ગાળો આપવી ને કોઈની હત્યા કરી દેવાની વાત કરવી તેમાં બહુ ફરક છે. ભાજપ ને તેના સાથી પક્ષોના નેતા રાહુલને ગાળો નથી આપી રહ્યા પણ ખતમ કરવાની ને જીભ કાપી લેવાની વાતો કરી રહ્યા છે. નડ્ડાને બંનેમાં ફરક ના દેખાય કેમ કે તેમણે પોતાની બુદ્ધિ ચલાવવાની નથી.

# ચંદ્રાબાબુએ પોતાનું ઘી વેચવા તિરૂપતિના લાડુનો વિવાદ ઉભો કર્યો ?

**ટીડીપીએ ધડાકો કર્યો છે કે, તિરૂપતિ મંદિરમાં લાડુ બનાવવા માટે ચરબીયુક્ત ઘી ઉપરાંત ગૌમાંસ, સુવરની ચરબી અને માછલીનું તેલ વપરાય છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા પ્રમાણે, ચંદ્રાબાબુ પોતાની કંપની હેરિટેજ ફૂડ્સનો માલ ખપાવવા માટે આ ખેલ કરી રહ્યા છે. તિરુપતિ મંદિરમાં દરરોજ ૩.૫૦ લાખ લાડુ બને છે. મંદિરમાં દર વરસે ૩૦૦ કરોડ રૂપિયાના લગભગ ૩૦૦૦ ટન ઘીનો ઉપયોગ થાય છે. ચંદ્રાબાબુએ જૂની કંપનીઓને તગેડીને પોતાની કંપનીને ઘી સપ્લાયનો કોન્ટ્રાક્ટ મળે એ માટે લાડુના પ્રસાદમાં ગૌમાંસ, સુવરની ચરબી, માછલીનું તેલ વગેરે વપરાય છે એવું તૂત ઉભું કર્યું છે**

ભારતમાં રાજકારણ બદલાઈ ગયું છે અને હવે રાજકીય હરીફાઈને રાજકારણીઓ દુશ્મનાવટ સમજે છે. લોકશાહીમાં તમારા વિરોધીને, તમારા હરીફને પણ માન આપવું જોઈએ એવું કહેવાતું પણ ભારતના રાજકારણીઓને આ સિદ્ધાંતમાં બહુ વિશ્વાસ રહ્યો નથી ને તેનું તાજું ઉદાહરણ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે થઈ રહેલાં નિવેદનો છે. અમેરિકામાં રાહુલ ગાંધીએ શીખો અંગે અને અનામત મુદ્દે એમ બે નિવેદનો આપ્યાં તેના કારણે ભારતમાં બબાલ થઈ ગઈ.રાહુલે કહેલું કે, ભારતમાં અત્યારે એવો માહોલ છે કે, શીખો કિરપાણ કે કડાં ના પહેરી શકે એ માટે લડાઈ થઈ રહી છે. ભારતમાં શીખ સમુદાયમાં ચિંતા છે કે આ દેશમાં તેમને પાઘડી અને કડાં પહેરવાનો અધિકાર પણ છિનવી નહીં લેવાય ને ? રાહુલે અનામત મામલે એવું કહેલું કે, ભારતમાં જ્યારે આર્થિક રીતે સમાનતા આવી જશે ત્યારે અનામતને નાબૂદ કરી દેવાશે. રાહુલના એક નિવેદનને શીખ વિરોધી ગણાવી દેવાયું અને બીજા નિવેદનને અનામત વિરોધી ગણાવીને ભાજપના નેતા તૂટી પડ્યા.રાહુલ ગાંધી તેમના અમેરિકા પ્રવાસના છેલ્લા દિવસે રેબર્ન હાઉસ ખાતે યુએસ કૉંગ્રેસના પ્રતિનિધિમંડળને મળ્યા હતા. આ પ્રતિનિધિમંડળમાં ભારતે જમ્મુ અને કાશ્મીર પાકિસ્તાનને આપી દેવું જોઈએ એવો લવારો કરનારી ઈલ્હાન ઓમર પણ હાજર હતી. રાહુલ ઈલ્હાન ઓમરને મળ્યા તેની સામે પણ દેશમાં વિરોધ શરૂ થઈ ગયો. ભાજપના ઘણા નેતાઓએ ઈલ્હાનને મળવા બદલ રાહુલની ટીકા કરી અને રાહુલ ભારતવિરોધી પરિબળો સાથે સાંઠગાંઠ ધરાવે છે એવી ટીકા પણ કરી.ભાજપના નેતા રાહુલના નિવેદનની ટીકા કરે તેમાં કશું ખોટું નથી, બલ્કે એ તેમનો અધિકાર છે. લોકશાહીમાં કોઈ નેતા પોતાના વિચારો કે અભિપ્રાય રજૂ કરે ને તેની સામે કોઈ બોલે કે ટીકા કરે એ સ્વાભાવિક છે. તંદુરસ્ત લોકશાહીની એ નિશાની છે ને તેને માટે દરેકે તૈયાર રહેવું જોઈએ. રાહુલના નિવેદન પછી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વળતો પ્રહાર કરીને કહેલું કે, રાહુલના નિવેદનના કારણે ફરી એકવાર કૉંગ્રેસનો અનામત વિરોધી ચહેરો લોકો સામે આવી ગયો છે.શાહની જેમ બીજા નેતાઓએ પણ રાહુલની ટીકા કરી ને તેમાં પણ કશું ખોટું નહોતું પણ એ પછી જે કેટલાંક નિવેદનો આવ્યાં એ આઘાતજનક અને શરમજનક પણ છે. રાહુલનં નિવેદનોને શીખ વિરોધી ગણાવીને ભાજપે સોનિયા ગાંધીના ઘર સામે દેખાવો કરેલા. ૧૧ સપ્ટેમ્બરે ભાજપે દિલ્હીમાં રાહુલ ગાંધીના ઘરની બહાર પણ દેખાવો કર્યા અને એ વખતે ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય તરવિંદર સિંહ મારવાહે સીધી રાહુલને જાનથી મારી નાખવાની ધમકી આપી.મારવાહે કહેલું કે, રાહુલ ગાંધી, વાજ આવી જજો નહીં ભવિષ્યમાં તમારા હાલ પણ તમારી દાદી જેવા થશે. રાહુલ ગાંધીનાં દાદી ઈન્દિરા ગાંધીના શું હાલ થયેલા એ કોઈને કહેવાની જરૂર નથી. સતવંતસિંહ અને બિયંતસિંહ નામના તેમના બે અંગરક્ષકોએ જ તેમને ગોળી મારીને મારી નાંખેલાં એ જોતાં મારવાહે રાહુલને મારવાની ધમકી જ આપી દીધી એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. કૉંગ્રેસે તરવિંદર સિંહ મારવાહનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ક પર પોસ્ટ કર્યો છે. તેમાં મારવાહને ધમકી આપતા સાંભળી શકાય છે.મારવાહની જેમ જ મહારાષ્ટ્રના બુલઢાણાના ધારા સભ્ય સંજય ગાયકવાડે ૧૬ સપ્ટેમ્બરે કહ્યું હતું કે, રાહુલ ગાંધી પછાત વર્ગો અને આદિવાસીઓ માટેની અનામત ખતમ કરવા માગે છે એ જોતાં તેમને સજા મળવી જોઈએ. જે કોઈ રાહુલની જીભ કાપી નાખશે તેને ૧૧ લાખ રૂપિયા ઈનામ આપવામાં આવશે. ભાજપના



રાજ્યસભાના સભ્ય અનિલ બોન્ડેએ તો રાહુલ ગાંધીની જીભ પર ડામ દેવાની વાત કરી નાખી. બોન્ડેના કહેવા પ્રમાણે તો જે કોઈ અનામત વિરોધી વાત કરે તેની આવી જ હાલત કરવી જોઈએ. બોન્ડેએ મુંબઈના એક મરાઠી સાપ્તાહિકના તંત્રી સહિત બીજાં કેટલાંક નામ પણ આપ્યાં કે જેમની જીભ પર ડામ દેવાની તેમની તમન્ના છે.આ ત્રણેય નિવેદનો અત્યંત આઘાતજનક છે. પોતાને ના ગમે એવી વાત કરનારને મારી નાખવાની કે જીભ કાપી લેવાની વાત કરનારને સભ્ય માણસ કહેવાય જ નહીં. ખરેખર તો આવી વાતો કરનારને કોઈ સભ્ય સમાજમાં રહેવાનો અધિકાર જ નથી પણ કમનસીબે રાહુલ સામે આવો લવારો કરનારા આ ત્રણેય નેતાને કશું થયું નથી. આ ત્રણેય ખુલ્લેઆમ રાહુલની હત્યા માટે કે તેમને નુકસાન કરવા માટે ઉશ્કેરણી કરી રહ્યા છે ને ભાજપ પણ ચૂપ છે ને મંત્રીઓ પણ ચૂપ છે.વધારે આઘાતની વાત એ છે કે, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ આ બધાંનો બચાવ કર્યો છે. નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસ પર કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મોદીને અભિનંદન આપ્યા તેની સાથે એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં રાહુલ ગાંધી વિરુદ્ધ થઈ રહેલાં નફરતભર્યા ભાષણ પર ચિંતા વ્યક્ત કરીને ખડગેએ લખ્યું હતું કે, ભાજપ અને સહયોગી પક્ષોના નેતાઓ રાહુલ ગાંધી માટે સતત વાંધાજનક અને હિંસક ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે આપને વિનંતી છે કે આવા નેતાઓ પર લગામ લગાવો.

મોદી સાહેબ તો આવી નાની નાની વાતોના જવાબ આપે નહીં પણ નડ્ડાએ જવાબ આપ્યો છે. નડ્ડાએ ૧૮ સપ્ટેમ્બરે મલ્લિકાર્જુન ખડગેને ખુલ્લો પત્ર લખ્યો તેમાં લખ્યું છે કે, તમે રાહુલ ગાંધી સહિતના તમારા નેતાઓનાં કરતૂતોને ભૂલી ગયા છો અથવા જાણીજોઈને તેમની અવગણના કરી છે. જે વ્યક્તિનો ઈતિહાસ દેશના વડા પ્રધાન સહિત સમગ્ર ઓબીસી સમુદાયને ચોર કહીને દુર્વ્યવહાર કરવાનો છે તેની માનસિકતા આખો દેશ જાણે છે. આ રાહુલ ગાંધીને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ તમે કઈ મજબૂરીમાં કરી રહ્યા છો? કૉંગ્રેસના નેતાઓએ છેલ્લાં ૧૦ વર્ષમાં ૧૧૦થી વધુ વખત વડા પ્રધાન મોદી સાથે દુર્વ્યવહાર કર્યો ને ત્યારે તમારા શબ્દકોશમાંથી રાજકીય શુદ્ધતા, સજાવટ, શિસ્ત, શિષ્ટાચાર જેવા શબ્દો કેમ ગાયબ થઈ જાય છે?નડ્ડાએ કૉંગ્રેસે મોદી માટે ક્યા ક્યા શબ્દોનો પ્રયોગ કર્યો તેની લાંબી યાદી પણ આપી છે. કૉંગ્રેસ પણ સામે એવી યાદી આપી જ શકે કેમ કે એ પ્રકારની પ્રવૃત્તિના પ્રણેતા કોણ છે એ બધાંને ખબર છે પણ ભાજપ એ વાત સ્વીકારવાનો નથી. બીજું એ કે, કોઈને ગાળો આપવી ને કોઈની હત્યા કરી દેવાની વાત કરવી તેમાં બહુ ફરક છે. ભાજપ ને તેના સાથી પક્ષોના નેતા રાહુલને ગાળો નથી આપી રહ્યા પણ ખતમ કરવાની ને જીભ કાપી લેવાની વાતો કરી રહ્યા છે. નડ્ડાને બંનેમાં ફરક ના દેખાય કેમ કે તેમણે પોતાની બુદ્ધિ ચલાવવાની નથી.

# પીએમ મોદીએ ચીનને આપ્યો સણસણતો જવાબ, જણાવ્યો ક્વાડનો ઉદ્દેશ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કવાડ સમિટનામંચ પરથી ચીનને સણસણતો જવાબ આપ્યો છે. ચીને અનેક વાર કવાડ પર સવાલ ઉઠાવતું રહ્યું છે. પીએમ મોદીએ ક્વાડના મંચ પરથી જ કહી દીધું કે અમે કોઈની વિરુદ્ધ નથી. આ ચીનને મોટો સંદેશ છે. કારણ કે ચીને તરફથી અનેક વાર કહેવામાં આવ્યું છે કે કવાડ દેશો તેની વિરુદ્ધ છે અને તણાવ પેદા કરે છે. આ ઉપરાંત ચીન કવાડ અંગે અનેક સવાલ ઉઠાવતું રહ્યું છે.ત્યારે પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું છે કે ક્વાડ દેશો કોઈની વિરુદ્ધ નથી.અમેરિકાએ ભારતના દાવાને સમર્થન આપ્યું હતુંઆ ઉપરાંત વડાપ્રધાન મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન વચ્ચેની દ્વિપક્ષીય મંત્રણામાં પણ જો બાઈડને ભારતના દાવાને સમર્થન આપ્યું છે. અમેરિકાએ કહ્યું છે UNSCમાં સુધારો થવો જોઈએ. ભારત કહેતું રહ્યું છે કે વર્તમાન વૈશ્વિક સંજોગોને જોતાં આ જૂથમાં પરિવર્તનની જરૂર છે. ભારત સંયુક્ત રાષ્ટ્રનું કાયમી સભ્ય હોવું જોઈએ. આ વર્તમાન સમયની માંગ છે.ચીન QUAD પર આ આરોપો લગાવી રહ્યું છેચીને તાજેતરમાં અમેરિકા અને ભારત સહિત ક્વાડ સમૂહના દેશો પર એશિયા પેસિફિક ક્ષેત્રના અન્ય દેશોના વિકાસમાં કૃત્રિમ રીતે તણાવ પેદા કરવા અને સંઘર્ષ ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો હતો. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને જ્યારે ક્વાડ દેશોના વિદેશ પ્રધાનોના સંયુક્ત નિવેદન પર તેમની પ્રતિક્રિયા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ક્વાડનો ઉપયોગ અન્ય દેશોના વિકાસને રોકવા અને સંઘર્ષને ઉશ્કેરવા માટે કૃત્રિમ રીતે તણાવ પેદા કરી રહ્યો છે. લિને કહ્યું કે જે એશિયા-પેસિફિકમાં શાંતિ અને વિકાસ અને સ્થિરતાના વૈશ્વિક વલણની વિરુદ્ધ છે.

# વ્યારા, નિઝર તથા મહારાષ્ટ્રના વિસરવાડીનાં અનડીટેક્ટ ગુના શોધી કાઢી

# બે પુરૂષ તથા બે સ્ત્રી આરોપીઓને કુલ્લે રૂ. ૭૦,૯૨૦/- ના મુદ્દામાલ સાથે આંતર

# રાજય ગેંગને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ- ફર્લો સ્કોડ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** આજરોજ શ્રી ડી.એસ. ગોહિલ, એલ.સી.બી. તાપીના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ આજરોજ પો.સ.ઈ.શ્રી, એન.એસ. વસાવા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી, એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે વ્યારા પો.સ્ટે. વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન આ.હે.કો. ધર્મેશ ભાઈ મગનભાઈ તથા પો.કો. રોનક સ્ટીવનસનને ખાનગી રાહે સંયુક્ત રીતે બાતમી હકિક્ત મળેલ છે કે, " તા.૧૨/૦૯/૨૦૨૪ના રોજ વ્યારા ટાઉન મેઈન શાકભાજી બજાર ઈમરાન બીરીયાની વાળાની દુકાને બનેલ ચીલઝડપમાં સંડોવાયેલ આરોપીઓના સી.સી.ટી.વી. ફુટેજ અંગત ખાનગી બાતમીદારોને બતાવેલ હોય જે સી.સી.ટી.વી. ફુટેજમાં દેખાતા મોટર સાયકલ સવાર એક પુરૂષ ઈસમ તથા એક સ્ત્રી અન્ય એક પુરૂષ તથા એક સ્ત્રી સાથે એક હોન્ડા કંપનીની SP125, લાલ સીલ્વર પટ્ટાવાળી કાળા કલરની મો.સા.નં.-MP-39-ZC-2210 સાથે વ્યારા કોલેજના બસ સ્ટેન્ડ પાસે ઉભા છે. જે બાતમી આધારે પોલીસ સ્ટાફના માણસોએ બાતમી હકિકત્તમાં જણાવેલ ચારેય પુરૂષ-સ્ત્રી ઈસમો વ્યારા કોલેજ બસ સ્ટેન્ડ પાસે ઉભા હોય તેમને આયોજન પુર્વક કોર્ડન કરી લઈ તે તમામના પંચો રૂબરૂ નામઠામ પુછતા તેમણે પોતાના નામ અનુક્રમે (૧) બાબુ લખપતસીંહ સીસોદીયા, ઉ.વ.૨૪, રહે. કડીયાસાસી, પોસ્ટ-પીલ્યારાસોદા, થાના- બોડા, તા.પચોરા, જી.રાજગઢ (મધ્યપ્રદેશ) (૨) સચીન ભગવાનસિંહ સીસોદીયા, ઉ.વ.૩૬, રહે.કડિયાસાસી, પોસ્ટ- પીયારાસોદા, થાના- બોડા, તા.પચોરા, જી.રાજગઢ (મધ્યપ્રદેશ) (૩) જુલી તે બાદલ ભટુઆ ભાનેરીયાની પત્ની, ઉ.વ. ૩૪, રહે. કડિયાસાસી, પોસ્ટ- પીલ્યારાસોદા, થાના- બોડા, તા.પચોરા, જી.રાજગઢ (મધ્યપ્રદેશ) તથા (૪) જયોતિ તે પદમસીંહ સમુહ સિસોદિયાની પત્ની, ઉ.વ.૩૮, રહે. કડિયાસાસી, પોસ્ટ- પીલ્યારાસોદા, થાના- બોડા, તા.પચોરા, જી.રાજગઢ (મધ્યપ્રદેશ)ના હોવાનુ જણાવતા તેમની અંગઝડતી કરતા અલગ અલગ દરની ભારતીય ચલણી નોટો કુલ રોકડા રૂ. ૧૫,૪૨૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨, કિં. રૂ. ૫,૫૦૦/-, હોન્ડા કંપનીની SP125, લાલ સીલ્વર પટ્ટાવાળી કાળા કલરની મો.સા.નં.- MP-39-ZC-2210, કિં. રૂ. ૫૦,૦૦૦/ - તથા ચારેય જણાના આધારકાર્ડ નંગ-૦૪ અને ડ્રાયવીગ લાયસન્સ મળી કુલ્લે રૂ. ૭૦,૯૨૦/- નો મુદ્દામાલ મળી આવતા ચારેય પુરૂષ-સ્ત્રી પાસેથી મળી આવેલ રોકડ રૂપીયા બાબતે પુછપરછ કરતા ગઈ તા. ૧૨/૦૯/૨૦૨૪ના રોજ વ્યારા ટાઉન મેઈન શાકભાજી બજાર ઈમરાન બીરીયાની વાળાની દુકાનેથી કરેલ રોકડા રૂ. ૫૦,૦૦૦/- ની ચીલઝડપ ના રૂપિયા હોવાનું કબુલાત કરેલ તેમને વધુ પુછપરછ કરતા તેમણે અગાઉ પણ કુકરમુંડા તેમજ મહારાષ્ટ્ર રાજયના વિસરવાડી ખાતે પણ આજ રીતેની ચીલઝડપ કરેલ હોવાનું કબુલતા ઉપરોક્ત્ત તમામ આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓને અટક કરી વ્યારા પોલીસ સ્ટેશનને સોંપેલ છે. શોધાયેલ ગુનાઓ :-(૧) વ્યારા પો.સ્ટે. ખાતે પાર્ટ છ ગુ.ર.નં.- ૧૧ ૮૨૪ ૦૦૧૨૪૧૭૦૫/ ૨૦૨૪, BNS કલમ ૩૦૩(૨) મુજબ(૨) નિઝર પો.સ્ટે. ખાતે પાર્ટ છ ગુ.ર.નં.- ૧૧૮૨૪૦૦૭૨૩૦૬૫૨/ ૨૦૨૩, ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૩) વિસરવાડી પો.સ્ટે. ખાતે ગુ.ર.નં.- ૦૪૧૪/૨૦૨૩, IPC કલમ ૩૭૯ મુજબ

ગુનાનો એમ.ઓ :-બેંકો તથા ભીડભાડ વાળી જગ્યાઓ પર લોકોની નજર ચુકવી ચીલ ઝડપ કરવાનોરીકવર કરેલ મુદ્દામાલ :- (૧) રોકડા રૂ ૧૫,૪૨૦/- (૨) મોબાઈલ ફોન નંગ-૦૨, કિં. રૂ ૫,૫૦૦/-, (૩) હોન્ડા સાઈન મો.સા.નં.- MP-39-ZC- 2210, કિં. રૂ ૫૦,૦૦૦/ - (૪) ચારેય જણાના આધારકાર્ડ નંગ-૦૪ અને ડ્રાયવીગ લાયસન્સની નકલ - 01, કિં. રૂ ૦૦/- મળી કુલ્લે રૂ ૭૦,૯૨૦/- નો મુદ્દા માલઆરોપીઓનો ગુનાહિત ઈતિહાસ :- (૧) M.P- બોડા પો.સ્ટે. ગુ.ર.નં-૩૧૨/ ૨૦૨૩ ઈ.પી.કો.કલમ - ૧૪૭, ૧૪૮, ૨૯૪, ૩૨૩, ૩૨૭, ૩૮૬, ૪૨૭ વિગેરે મુજબ(૨) M.P- સોનકચ્છ પો.સ્ટે. ગુ.ર.નં-૩૧૩/૨૦૨૨ ઈ.પી.કો.કલમ -૩૭૯ મુજબ(૩) M.P- દેવાસ પો.સ્ટે. ગુ.ર.નં- ૬૭૧/૨૦૨૨ ઈ.પી.કો.કલમ-૩૭૯ મુજબ(૪) M.P- પચોર પો. સ્ટે. ગુ.ર.નં- ૨૧૨/૨૦૧૪ ઈ.પી.કો.કલમ -૩૨૫,૩૪ મુજબ(૫) M.P- કુંભરાજ પો.સ્ટે. ગુ.ર.નં-૨૯૨/૨૦૨૨ NDPS Act- ૨૦,૨૯,૮ મુજબ(૬)M.P-ખેતીયા પો.સ્ટે. ગુ.ર.નં- ૨૧૦/૨૦૨૧ ઈ.પી.કો.કલમ -૩૭૯ મુજબકામગીરી કરનાર ટીમ :- પો.ઈન્સ.શ્રી ડી.એસ.ગોહિલ એલ.સી.બી તાપીના સીધા માર્ગ દર્શન અને સુચના હેઠળ (૧) પો.સ.ઈ.શ્રી, એન.એસ. વસાવા (૨) પો.સ.ઈ.શ્રી એન.જી. પાંચાણી (૩) પો.સ.ઈ.શ્રી જે.બી. આહિર (૪) અ.હે.કો. ધર્મેશભાઈ મગનભાઈ (૫) અ.હે.કો. વિનોદભાઈ પ્રતાપભાઈ (૬) અ.હે.કો. જયેશભાઈ લીલકીયાભાઈ (૭) પો.કો. રોનક સ્ટીવન્શન (૮) પો.કો. અરૂણભાઈ જાલમસિંહ (૯) પો.કો. હસમુખભાઈ વીરજીભાઈ (૧૦) પો.કો. ધનંજય ઈશ્વરભાઈ (૧૧) વુ.પો.કો. સેજલબેન ચીથરભાઈ તમામ નોકરી એલ.સી.બી/પેરોલ ફર્લોસ્કોડ જી.તાપીએ કામગીરી કરેલ છે.

# મહારાષ્ટ્રનાં માલેગાવ નાસિકથી શાળા પ્રવાસમાં સાપુતારા ખાતે ફરવા આવેલ બે વિદ્યાર્થીનીઓનાં ગુમ થયેલ પર્સ તથા મોબાઈલને ગણતરીનાં કલાકોમાં જ શોધી આપતી સાપુતારા પોલીસ

## મહારાષ્ટ્ર રાજયની વિદ્યાર્થીનીઓએ ડાંગ જિલ્લા પોલીસ તથા સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ. પટેલની ઝડપી કામગીરી તથા કોઠાસૂઝને બિરદાવી આભાર વ્યક્ત કર્યો



**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ) :** ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી. પાટીલનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પી. આઈ. આર. એસ.પટેલ તથા પી. એસ. આઈ. ડી.પી. ચુડાસમા ની ટીમે શનિરવીની જાહેર રજાઓમાં સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓને કોઈ અગવડતા ન પડે તે માટે પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન સાપુતારાનાં ટેબલ પોઈંટ ખાતે પહોચતા મહારાષ્ટ્રનાં માલેગાવ નાસિક થી સ્કૂલ પ્રવાસમાં આવેલ બે વિદ્યાર્થીની ઓના પર્સ અને મોબાઈલ ગુમ થયાની રજુઆત મળી હતી. જેથી સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ. પટેલ દ્વારા તાત્કાલિક ધોરણે ગુમ થયેલ મોબાઈલ અને પર્સની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સાપુતારા ટેબલ પોઈન્ટ ઉપર માલેગાવ ગર્લ્સ હાઈસ્કુલ (મહારાષ્ટ્ર)ની વિદ્યાર્થીનીઓ પ્રવાસ અર્થે આવી હતી. ત્યારે મોબાઈલ ફોન જેમા રેડમી નોટ ૯ પ્રો જેની કિંમત રૂપિયા ૧૫ હજાર તથા રીઅલમી ૧૧૦ જેની કિંમત રૂપિયા ૧૦ હજાર આમ બન્ને મોબાઈલ ફોન તથા પર્સ ટેબલ પોઈન્ટ પર ક્યાંક ગુમ થઈ ગયા હતા. જે અંગેની સાપુતારા પોલીસને જાણ કરવામાં આવતા સાપુતારા પોલીસની ટીમે તાત્કાલિક ધોરણે ટેકનીકલ સોર્સનાં આધારે પર્સ સહિત બન્ને મોબાઈલ ફોન શોધી કાઢયા હતા. અને વિદ્યાર્થીનીઓને પરત કર્યા હતા. ત્યારે સ્કુલ મેનેજમેન્ટ તથા વિદ્યાર્થીની ઓએ ડાંગ જિલ્લા પોલીસ તથા સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ. પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. અહી મહારાષ્ટ્રની વિદ્યાર્થીની ઓ સહિત સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા ગુજરાતની ડાંગ પોલીસની કામગીરી બિરદાવતા જણાવ્યુ હતુ કે મહારાષ્ટ્રમાં કોઈ વસ્તુ ખોવાઈ જાય તો તુરંત જ મળતી નથી. જેમાં અમોએ અહી રજુઆત કરતાની સાથે જ સાપુતારા પોલીસની ટીમે અમોને હકારાત્મક જવાબ આપી સંવેદના દાખવી હતી. સાથે સાપુતારા પોલીસની ટીમે ગણતરીનાં કલાકોમાં જ મોબાઈલ અને પર્સ શોધી આપી કાયદા અને વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયુ છે. અને પોલીસની કામગીરી બિરદાવી હતી.

# નવાપુર રેલ્વે સ્ટેશને ટ્રેનની ટક્કર લાગતા સારવાર દરમિયાન મરણ જનાર અજાણ્યા પુરૂષનાં વાલી વારસો જોગ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** સુરત રેલ્વે પોલીસ સ્ટેશન અ.મોત નં. ૬૧/૨૦૨૪ સી.આર.પી.સી.કલમ- ૧૭૪ મુજબના મરણ જનાર એક અજાણ્યો પુરૂષ ઉ.વ.૪૦ ના આશરાનો તા.૦૧/૦૪/ ૨૦૨૪ ના કલાક:૧૦/૩૫ વાગ્યા પહેલાં નવાપુર રેલ્વે સ્ટેશનની પશ્ચિમે કિ.મી.નં- ૯૭/૧૦ પાસે ડાઉન રેલ્વે લાઈન ઉપર ટ્રેન નં- ૧૯૪૮૩ ડાઉન અમદાવાદ- બરોની એક્સપ્રેસ ટ્રેનની ટક્કર વાગતા માથાના ભાગે તથા બન્ને હાથ તથા પગ કપાય જતા પ્રથમ સારવાર ઉચ્છલ સી.એચ.સી હોસ્પિટલમાં કર્યા બાદ વધુ સારવાર માટે વ્યારા જનરલ હોસ્પિટલમાં લાવતા દરમ્યાન ડો.શ્રી એ મરણ જાહેર કરેલ. મરનારના વાલી-વારસોની તપાસ કરાવડાવતા મળી આવેલ નથી જેથી ઉપરોકત ફોટોમાં દેખાઈ આવતા અજાણ્યા પુરૂષ કે તેના વાલી વારસોની ભાળ મળે તો રેલ્વે પોલીસને જાણ કરશો.મરણ જનારનું વર્ણન :- એક અજાણ્યો પુરૂષ ઉ.વ.૪૦ ના આશરાનો ઉચાઈ ૫૫" રંગે- ઘઉં વર્ણનો બાંધો મધ્યમ.બાધાનો જેના જમણા હાથ ઉપર અંગ્રેજીમાં એ.કે. લખેલ છે. તથા બાવડા ઉપર નાગનું છુદણુ ત્રોફાવેલ છેમરનારે પહરેલ કપડાનું વર્ણન :- બદનમાં કાળા કલરનુ આખી બાયનું ટીશર્ટ તથા કમરના ભાગે લીલા કલરનુ પેન્ટ તથા અગ્રેજીમાં લકસ કોજી લખેલ ફુલ સાઈઝનો જાગીયો પહેરેલ છે.

# "ગંગા સમગ્ર" ગુજરાત પ્રાંતની રાજ્ય કારોબારી બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ




**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** "ગંગા સમગ્ર" ગુજરાત પ્રાંતની રાજ્ય કારોબારી બેઠક સંઘના વરિષ્ઠ પ્રચારક અને ગંગા સમગ્રના રાષ્ટ્રીય સંગઠન મંત્રી શ્રી મા. રામાશિષ જીના માર્ગદર્શન હેઠળ ગંગા સમગ્ર ગુજરાત પ્રાંતના સંરક્ષકશ્રી સંજયભાઈ રાદડિયા, સંયોજકશ્રી અરૂણસિંહ રાજપૂત, સહ સંરક્ષકશ્રી ચિરાગ ભાઈ વાછાણી, સહ કન્વીનર શ્રી રાહુલપતિ ત્રિપાઠી, સંગઠન મંત્રીશ્રી પ્રકાશ યાદવ (પાટીલ) )જી, અને શ્રી શૈલેન્દ્રસિંહ ઠાકોર (શૈલુ બાપુ)ની આગેવાની હેઠળ ગુજરાત પ્રાંતના ગાંધીનગરમાં ૧૫મી સપ્ટેમ્બરના રોજ વિવિધ કાર્યક્રમો નિમિત્તે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે "રાજ્ય કારોબારી બેઠક" ગુજરાતના તમામ અધિકારીઓ. પ્રાંત, રાજ્ય મહિલા પ્રમુખ, રાજ્ય મીડિયા કોમ્યુનિકેશન ડાયમેન્શન પ્રમુખ, દક્ષિણ ગુજરાત પ્રમુખ, ઉત્તર ગુજરાત પ્રભારી અને પ્રમુખ, ગાંધીનગર પ્રાંત, કર્ણાવતી પ્રાંત, વડોદરા પ્રાંત, સુરત પ્રાંત, સોનગઢ તાપી પ્રાંતના દરેક અધિકારી અને કાર્યકર એકત્ર થયા હતા અને માર્ગદર્શન અને આશીર્વાદ મેળવ્યા હતા.તાપી પ્રાંતનાં અધ્યક્ષશ્રી સુદામભાઈ સાટોટેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ખુશીની વાત છે કે મને અધિકારીઓના રૂપમાં શ્રેષ્ઠ અને શ્રેષ્ઠ સાથીદારો મળ્યા છે, જેઓ તેમની ક્ષમતા અને અદ્યતન કાર્યશૈલીથી મને આ પદ સુધી લઈ ગયા છે. હું અમારા સોનગઢ તાપી પ્રાંતના વિવિધ પાસાઓના અધિકારી ઓનું ઋણ પણ સ્વીકારું છું, જેમણે સાથે મળીને વિવિધ કાર્યક્રમો દ્વારા અમને સફળ બનાવીને અમને ગૌરવ અનુભવવાની તક આપી. એ જ રીતે, ભવિષ્યમાં પણ તમે બધા મને સાથ આપતા રહો એવી શુભેચ્છા સાથે હું તમારું ઋણ સ્વીકારું છું અને સાથે મળીને આપણે સફળતાના શિખરોને સ્પર્શીએ.

# આર.એસ.એસ., ગંગા સમગ્ર તાપી પ્રાંત, સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશન અને NSSના વિદ્યાર્થીઓના સંયુક્ત ઉપક્રમે ઉકાઈ તાપી નદીના કિનારા પર "સ્વભાવ સ્વચ્છતાપ સંસ્કાર સ્વચ્છતા" અંતર્ગત સફાઈનો કાર્યક્રમ યોજાયો














**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** 'વિશ્વ કૃતજ્ઞતા દિવસ' નિમિત્તે તા.૨૧/૦૯/૨૦૨૪ શનિવાર ના રોજ નદી પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા તાપી મુક્તિ ધામ ઉકાઈ તાપી નદીના કિનારા પર પૂજન આરતી અને 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૪' "સ્વભાવ સ્વચ્છતાપ સંસ્કાર સ્વચ્છતા" અંતર્ગત સફાઈનો કાર્યક્રમ રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘ, ગંગા સમગ્ર તાપી પ્રાંત, સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશન (જે.કે. પેપર મિલ) અને સરકારી કોલેજ સોનગઢના NSSના વિદ્યાર્થીઓ સંયુક્ત ઉપક્રમમાં નિઝર ધારાસભ્ય શ્રી ડો.જયરામભાઈ ગામીત સાહેબ ની વર્ચ્યુઅલ હાજરીમાં ખુબજ સફળતાં પૂર્વક પાર પાડવામાં આવ્યો.કાર્યક્રમની શરુઆત તાપી નદીના પૂજન, આરતી પૂજારી આયામ અધ્યક્ષશ્રી નાનુભાઈ ગામીત, સંપર્ક આયામના સંગઠન મંત્રીશ્રી શાંતિલાલભાઈ ગામીત, સરકારી કોલેજના પ્રિન્સીપાલ મશ્રી રાજેશભાઈ પટેલ, વૃક્ષારોપણ આયામ અધ્યક્ષશ્રી બકુલભાઈ મહેતા, પ્રદેશ મંત્રીશ્રી કિશોરભાઈ ચૌધરી, સંપર્ક આયામ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ ચોપડે, મહામંત્રીશ્રી રાઘવેન્દ્ર શિંદે, જળ સંચય આયામના ઉપાધ્યક્ષશ્રી સાગરભાઈ વ્યાસ, પ્રદેશ કારોબારી સભ્યશ્રી સંજયભાઈ શાહ, ગંગા સમગ્ર તાપી જિલ્લા અધ્યક્ષશ્રી સુદામભાઈ સાટોટે, સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના મધુકર વર્મા, જીતેન્દ્ર પાલ સર, અને સંતોષ સર સાથે કર્મચારી ગણ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના તાપી જિલ્લા સહકાર્યવાહ શ્રી જીતેન્દ્ર ચૌહાણજી, તાપી જિલ્લા ધર્મ જાગરણ મંચના પ્રમુખશ્રી શ્યામભાઈ ગામીત, એકલ અભિયાનના ગુજરાત પ્રાંતનાશ્રી નૈતિકભાઈ દુબેજી, શ્રી મનીષ બારે સર, સરકારી કોલેજ NSS ના ૭૦ વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રેમીશ્રી વિજેશભાઈ ગામીત, દત્તુભાઈ, ભકતેશભાઈ વિશાલ ભાઈ વગેરે ખુબજ ઉત્સાહ પૂર્વક સહભાગી થયાં હતાં. ૧૨૦ જેટલી સંખ્યામાં જોડાઈ સફાઈ કાર્યક્રમ બાદ તાપી મુક્તિધામ ઉકાઈ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં બિલી, જાંબુ, બોરસલ્લી પીપળો અને વડ વગેરેના વૃક્ષો રોપવામાં આવ્યાં. બાદમાં વાંકળીયા પુલ ગુણસદા ખાતે પણ સફાઈ કરવામાં આવી. સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશન વર્કશોપ પર અલ્પાહાર ની વ્યવસ્થા કરવામાં આવી હતી.અંતમાં સૌને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના તાપી જિલ્લા સહકાર્યવાહશ્રી જીતેન્દ્રભાઈ ચૌહાણ, સંજયભાઈ શાહ અને શ્રી મનીષ બારે સાહેબ દ્વારા માર્ગદર્શન સંબોધન અને ગંગા સમગ્ર તાપી જિલ્લા અધ્યક્ષશ્રી સુદામભાઈ સાટોટે એ ઋણ સ્વીકાર કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. એકત્રિત કરાયેલ કચરાની કુલ મળીને ૬૦ બેગો ડમ્પીંગ યાર્ડ સાઈડ પર નાશ કરવામાં આવ્યો હતો. ખરેખર આજનો આ સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અંતર્ગત "સ્વભાવ સ્વચ્છતાપ સંસ્કાર સ્વચ્છતા" કાર્યક્રમની સંતુષ્ટિ સૌના ચહેરાઓ પર સ્પષ્ટ જોવા મળી હતી અને ફરીવાર વહેલાં આવાં કાર્યક્રમો માટે એકત્રિત થવાનાં ઉદગારો સાંભળવા મળ્યા હતાં.